# રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી વિનયન કૉલેજ, ચોટીલા

જલારામ મંદિર સામે, એરુડા તળાવની બાજુમાં, રાજકોટ હાઇવે તા.ચોટીલા જિ.સુરેન્દ્રનગર

ફોન:૦૨૭૫૧-૨૮૦૦૪૫, E-mail:govt.acch@gmail.com

---

ક્રમાંક:રાશાઝમે/શા.શિ.વિ./૨૦૨૪/૩૪૨ તા.૨૪/૦૭/૨૦૨૪

પ્રતિ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ભવનોના અધ્યક્ષશ્રીઓ,
તથા સલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ.

વિષય : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આંતર કોલેજ ચેસ ભાઇઓ-બહેનો સ્પર્ધા (૨૦૨૪-૨૫)

શ્રીમાન,

જય ભારત ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયોજિત આંતર કોલેજ ચેસ ભાઇઓ-બહેનો સ્પર્ધાનું સંચાલન કરવાની જવાબદારી અમારી કોલેજને સોંપવામાં આવેલ છે. આપની કોલેજની એન્ટ્રી સમયસર મોકલાવી આભારી કરશો.

| સ્પર્ધાનું નામ | તારીખ અને સમય | સ્પર્ધાનું સ્થળ |
|---|---|---|
| ચેસ<br>(ભાઇઓ-બહેનો) | તા.૦૫/૦૮/૨૦૨૪<br>સવારે ૦૮:૦૦ કલાકે | રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી વિનયન કોલેજ – ચોટીલા,<br>અમદાવાદ-રાજકોટ હાઇવે, જલારામ મંદિરની સામે, ચોટીલા, જિ.સુરેન્દ્રનગર |

**અગત્યની સૂચનાઓ :-**

૦૧. તા.૦૩/૦૮/૨૦૨૪, શનિવાર, સમય સાંજે ૬.૦૦ વાગ્યા સુધીમાં સંસ્થાઓએ પોતાનું રજીસ્ટ્રેશન (કોલેજ એન્ટ્રી ફોર્મ) સૌરાષ્ટ્ર યુનિવર્સીટી આંતર કોલેજ વેબસાઇટ ( www.icsauuni.com ) પર નોંધાવવું ફરજીયાત છે.
નોંધ :- ઓનલાઈન રજીસ્ટ્રેશનમાં કોઈ પ્રશ્ન હોઈ તો આપેલ મો.નંબર પર સંપર્ક કરવો. મો. ન. (૯૯૭૪૧ ૭૫૫૯૩)

૦૨. College DPE&S (કોલેજ ડાયરેક્ટરઓફ ફીઝીકલ એજ્યુ. & સ્પોર્ટ્સ) એ ટીમ એલીજીબીલીટી પરફોમા સંસ્થાના વડાની તેમજ College DPE&Sના સહી-સિક્કા સાથે સ્પર્ધાના દિવસે ૨(બે) કોપીમાં સાથે લાવવા ફરજીયાત છે. તમામ ભાગ લેનાર ખેલાડીઓના પાસપોર્ટ સાઇઝ ના બે ફોટોગ્રાફ (પાછળ પૂરું નામ લખી) એલીજીબીલીટી સાથે આપવાના રહેશે.

૦૩. ખેલાડીઓએ કોલેજના વડાના સહી-સિક્કા વાળું આઈડી કાર્ડ (ઓરીજીનલ) અને આધારકાર્ડ (ઓરીજીનલ) લાવવું ફરજીયાત છે.

૦૪. સ્પર્ધાનો ડ્રો સ્પર્ધાના દિવસે સવારે ૦૮:૦૦ કલાકે સ્પર્ધા સ્થળ પર રાખવામાં આવેલ છે.

૦૫. તા.૦૩/૦૮/૨૦૨૪ શનિવાર, સમય સાંજે ૬.૦૦ પછી એન્ટ્રી સ્વીકારવામાં આવશે નહિ.

૦૬. એન્ટ્રી ફી રૂ.૫૦૦/- અને રેફરી ફી રૂ.૫૦૦/- એમ કુલ રૂ.૧૦૦૦/- તા. ૦૫/૦૮/૨૦૨૪ ના રોજ સવારે ૦૮:૦૦ વાગ્યા સુધી રૂબરૂ રોકડમાં સ્વીકારવામાં આવશે.

૦૭. બહેનોની સ્પર્ધા અને ભાઇઓની સ્પર્ધા અલગથી થશે જેથી જે કોલેજમાંથી ભાઇઓ તથા બહેનો ભાગ લેવાના હોય તેઓની એન્ટ્રી ફી અને રેફરી ફી અલગથી ભરવાની રહેશે.

૦૮. દરેક સ્પર્ધક ચેસ બોર્ડ, મહોરા અને ચેસ કલોક પોતાની સાથે લાવવાની રહેશે.

૦૯. નિવાસની તથા ભોજનની વ્યવસ્થા ભાગ લીધેલ કોલેજે સ્વયં કરવાની રહેશે.

૧૦. સ્પર્ધાના નિયમો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને આધીન રહેશે, સ્પર્ધા કમિટીનો નિર્ણય આખરી રહેશે.

૧૧. કોલેજ દીઠ વધુમાં વધુ ૦૩(ત્રણ) ભાઇઓ અને ૦૩(ત્રણ) બહેનો ભાગ લઇ શકશે.

૧૨. સ્પર્ધા બાબતે વધારે માહિતી માટે ડૉ. સંદિપકુમાર વી. વાળા નો સંપર્ક કરવો. (૯૪૨૮૬૧૮૮૪૧)

રા.શા.ઝ.મે.વિનિયન કોલેજ ચોટીલા, તા.ચોટીલા, જિ.સુરેન્દ્રનગર

**આચાર્ય**
રા.શા.ઝ.મે.વિનિયન કોલેજ
ચોટીલા

**નકલ સાદર રવાના :-**

૧. માન. કુલપતિશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
૨. માન. કુલસચિવશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
૩. શા.શિ.નિયામકશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
૪. નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ (વેબ સાઇટ પ્રસિદ્ધિ અર્થે)
૫. મુખ્ય હિસાબી અધિકારીશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
૬. નાયબ હિસાબી અધિકારીશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

CamScanner